# જનગણના 2027

## અનુમાનિત સમયરેખા

**01 — જૂન 16, 2025:**
જનગણના 2027ના પ્રયોજનનું જાહેરનામું પ્રકાશિત.

**02 — જુલાઈ 2025:**
રાજ્યો/સંઘ પ્રદેશો દ્વારા જાહેરનામું પુનઃ પ્રકાશિત અને નોડલ અધિકારીઓની નિમણૂંક.

**03 — જાન્યુઆરી 01, 2026:**
ભારતભરમાં વહીવટીય સીમાઓનું સ્થિરીકરણ.

**04 — એપ્રિલ-સપ્ટેમ્બર 2026:**
**પ્રથમ તબક્કો :** ઘરયાદી અને મકાનોની ગણના (HLO)નું ક્ષેત્રકાર્ય.

**05 — સપ્ટેમ્બર 2026:**
**બીજો તબક્કો :** જનગણના (PE)નું ક્ષેત્રકાર્ય, સંઘ પ્રદેશ લદ્દાખ, સંઘ પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ તથા ઉત્તરાખંડ રાજ્યોના બરફાચ્છાદિત બિન-સમકાલીન વિસ્તારોમાં.

**06 — ફેબ્રુઆરી 2027:**
**બીજો તબક્કો :** જનગણના (PE)નું ક્ષેત્રકાર્ય

**07 — એપ્રિલ 2027:**
કુલ વસ્તીના અંદાજીત આંકડાઓનું પ્રકાશન.

## મુખ્ય તૈયારીઓ:

### તાલીમ (Training)

લગભગ 35 લાખ ગણતરીદારો, સુપરવાઈઝરો અને અન્ય વસ્તી ગણના અધિકારીઓને ત્રણ તબક્કામાં તાલીમ આપવામાં આવશે.

### પ્રચાર પ્રસારણ (Media Outreach)

રાષ્ટ્રીય સ્તરે જાગૃતિ અને સહભાગિતા માટે પરંપરાગત તથા સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર અભિયાન.



ગણતરી
દરેક વ્યક્તિની
મજબૂત અને ઉજ્જવળ
ભવિષ્ય માટે.

ભારતના મહારજિસ્ટ્રાર અને જનગણના કમિશ્નરની કચેરી

ગૃહ મંત્રાલય

ભારત સરકાર

@dcogujarat

@dcogujarat

@dcogujarat

@CensusIndia2027

www.gujarat.censusindia.gov.in

भारत की जनगणना 2027 CENSUS OF INDIA

जनगणना से जन कल्याण

# CENSUS OF INDIA

# ભારતની જનગણના

# 2027



જનગણના થી
જન કલ્યાણ

## જનગણનાની ઝલક

ભારતમાં જનગણના એ સંઘ વિષય છે (અનુચ્છેદ 246) અને બંધારણના સાતમા પરિશિષ્ટના અનુક્રમાંક 69માં નોંધાયેલ છે. જનગણના અધિનિયમ, 1948 અને જનગણના નિયમો, 1990માં સમય સમયે કરવામાં આવેલા ફેરફાર, ભારતમાં જનગણના માટે કાનૂની આધારરૂપ બને છે. "જનગણના" શબ્દનો અર્થ સામાન્ય રીતે "વસ્તીની ગણના" તરીકે સમજવામાં આવે છે. ભારતની જનગણના એ વસ્તી, મકાનો અને સામાજિક-આર્થિક સૂચકાંકોના સંપૂર્ણ અને વ્યાપક આંકડાઓ એકત્રિત કરવાની રાષ્ટ્રની સૌથી મોટી વહીવટીય કવાયત છે.

ભારતમાં 1872થી નિયમિત દશકીય જનગણના કરવાની દીર્ઘકાલીન પરંપરા છે. આ અગાઉ જનગણના 2011માં કરવામાં આવી હતી, જ્યારે 2021માં યોજાનાર જનગણના COVID-19 મહામારીના કારણે મુલતવી રાખવામાં આવી હતી. જનગણના 2027 એ 1872થી સતત ચાલી રહેલી જનગણનાની શ્રૃંખલામાં 16મી અને સ્વતંત્રતા પછીની 8મી જનગણના હશે, જે માહિતી આધારિત શાસન અને સાથે વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ભારતમાં જનગણના કરવાનું પ્રયોજન કેન્દ્ર સરકાર દ્વારા ભારતના રાજપત્રમાં 16 જૂન 2025ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું.

## અત્યાર સુધીની સફર

| Year | No. of Questions / Reference date | Population | | Method |
|---|---|---|---|---|
| 1901 | 16 / 1st March | 23,83,96,327 | | De facto (Synchronous) |
| 1911 | 16 / 10th March | 25,20,93,390 | | De facto (Synchronous) |
| 1921 | 16 / 18th March | 25,13,21,213 | | De facto (Synchronous) |
| 1931 | 18 / 26th February | 27,89,77,238 | | De facto (Synchronous) |
| 1941 | 22 / 1st March | 31,86,60,580 | | De facto (Synchronous) |
| 1951 | 14 / 1st March | 36,10,88,090 | | Extended de facto (Synchronous) |
| 1961 | 13 / 1st March | 43,92,34,771 | | Extended de facto (Synchronous) |
| 1971 | 17 / 1st April | 54,81,59,652 | | Extended de facto (Synchronous) |
| 1981 | 16 / 1st March | 68,33,29,097 | | Extended de facto (Synchronous) |
| 1991 | 21 / 1st March | 84,64,21,039 | | Extended de facto (Synchronous) |
| 2001 | 23 / 1st March | 1,02,87,37,436 | | Extended de facto (Synchronous) |
| 2011 | 29 / 1st March | 1,21,08,54,977 | | Extended de facto (Synchronous) |

## જનગણનાના તબક્કાઓ:

### પ્રથમ તબક્કો : ઘરયાદી અને મકાનોની ગણના.

(એપ્રિલ-સપ્ટેમ્બર 2026ની વચ્ચે રાજ્યો/સંઘ પ્રદેશો દ્વારા પસંદ કરેલ 30 દિવસના અવિરત સમયગાળામાં હાથ ધરવામાં આવશે)

મકાનની સ્થિતિ, સુવિધાઓ અને અસ્કયામતોના આંકડાઓનો સ્ત્રોત.

### બીજો તબક્કો : જનગણના

(ફેબ્રુઆરી 2027 દરમિયાન સમગ્ર ભારતમાં હાથ ધરવામાં આવશે. સંઘ પ્રદેશ લદ્દાખમાં તથા સંઘ પ્રદેશ લદ્દાખ, સંઘ પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ તથા ઉત્તરાખંડ રાજ્યોના બરફાચ્છાદિત બિન-સમકાલીન વિસ્તારોમાં સપ્ટેમ્બર 2026 દરમિયાન હાથ ધરવામાં આવશે)

વસ્તી વિષયક લાક્ષણિકતાઓ, સાક્ષરતા, કામ કરનારા વર્ગ (વર્કર્સ) સ્થળાંતર અને પ્રજનનતાના આંકડાઓનો સ્રોત.

## જનગણના 2027ની ખાસ વિશેષતાઓ

**જનગણના 2027 માં નવું શું છે?**

- ડીજીટલ ડેટા એકત્રિકરણ અને CMMS
- સ્વ-ગણના (Self-Enumeration) પોર્ટલ
- ભૂ-સંદર્ભિત ડીજીટલ નકશા
- જનગણનાના આંકડાઓનો ઝડપી પ્રસાર
- આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ
- જાતિ આધારિત ગણના

## માહિતીની સુરક્ષા અને ગોપનીયતા:

માહિતીની વિશ્વસનીયતાને સુરક્ષિત રાખવા અને કોઈપણ પ્રકારની ગુપ્તતાના ઉલ્લંઘનને ટાળવા માટે સાયબર સુરક્ષા પ્રણાલી અને એન્ક્રિપ્શન પદ્ધતિ પર વિશેષ ધ્યાન આપીને સુરક્ષાના ઉચ્ચતમ ધોરણો સુનિશ્ચિત કરવામાં આવશે.

## કઈ માહિતી (Data) એકત્રિત કરવામાં આવે છે.

| મકાનોની સ્થિતિ | વસ્તી વિષયક માહિતી | સામાજિક-આર્થિક સૂચકાંકો |
|---|---|---|
| મકાનની સ્થિતિ, ઉપલબ્ધ સુવિધાઓ, કુટુંબ પાસેની અસ્કયામતો વગેરેની માહિતી. | ઉંમર અને લિંગ, વૈવાહિક દરજ્જો, પ્રજનનતા, સંબંધ, કુટુંબમાં રહેતી કુલ વ્યક્તિઓની સંખ્યા વગેરે. | શિક્ષણ, આર્થિક પ્રવૃત્તિઓ, સ્થળાંતર અને જન્મ સ્થળ વગેરે. |
| **સામાજિક અને સાંસ્કૃતિક લક્ષણો** | **જાતિ આધારિત ગણના** | **જિલ્લા વસ્તી ગણતરી હસ્ત પુસ્તિકા (DCHB)** |
| ધર્મ, ભાષા/માતૃભાષા, દિવ્યાંગતાની સ્થિતિ વગેરે. | દેશના તમામ નાગરિકોની જાતિ અંગેની માહિતી એકત્રિત કરવામાં આવશે. | દરેક જીલ્લાના ગામ/શહેરની માળખાકીય અને નાગરિક સુવિધાઓ, વ્યાપક વસ્તી વિષયક, સામાજિક અને આર્થિક માહિતી. |

## જનગણના શા માટે મહત્વપૂર્ણ છે?

**પ્રશાસન અને નીતિ:** પ્રશાસન અને નીતિ: માહિતી-આધારિત નિર્ણયો માટે સુયોજિત નીતિ નિર્માણ

**જાહેર માળખાકીય સુવિધા:** રસ્તા, વીજળી અને સ્વચ્છતા ક્ષેત્રોના વિકાસને સક્ષમ બનાવે છે

**આરોગ્ય, શિક્ષણ અને માળખાકીય સુવિધા:** હૉસ્પિટલ, શાળાઓ, અને આવશ્યક સેવાઓના આયોજન માટે આધાર પૂરો પાડે છે

**આપતિ સમયે પૂર્વતૈયારી:** સમયસર મદદ માટે સંભવિત વસ્તીની ઓળખ

**શહેર-ગ્રામ્ય આયોજન:** આવાસીય પદ્ધતિઓ અને વસ્તીગત વલણો વિશે માહિતી આપે છે

**શૈક્ષણિક સંશોધન:** અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, જાહેર આરોગ્ય તેમજ અન્ય ક્ષેત્રોમાં અભ્યાસ માટે આધાર પૂરો પાડે છે

**કલ્યાણલક્ષી કાર્યો:** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તેમજ અન્ય સમુદાયો, દિવ્યાંગજન અને નબળા વર્ગો માટેની યોજનાઓ મજબૂત બનાવે છે